# તંત્ર સમક્ષ શ્રમજીવી પરિવારોનો સવાલ ... નિરાધારનો આધાર કોણ ... ?

## નગર પાલિકા તંત્ર દ્વારા છાપરીયા કેનાલ પાસેની ઝુંપડપટ્ટી હટાવી દેતાં ૬૦ પરિવારોએ છાજીયા લીધાં

હિંમતનગર, બાયડ તા.૦૮

કોરોના મહામારીની અત્યંત ઘાતક નીવડેલી પહેલી અને બીજી લહેર બાદ તાઉ-તે વાવાઝોડાની સંભવિત અસરોને પગલે ભારે પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ વરસતા હિંમતનગર શહેરમાં હાઈવે ઉપર અને સ્લમ વિસ્તારમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા ગરીબ શ્રમજીવીઓ ની પરિસ્થિતિ અતિ દયનીય થવા પામી છે વાવાઝોડાના પગલે ઝુપડ પટ્ટી વિસ્તારમાં પતરા સહીત તાડપત્રી હવામાં ફંગોળાતા શ્રમજીવી પરિવારો નિરાધાર બન્યા હતા જેમાં કેટલાક લોકો શ્રમજીવી પરિવારો તો હિંમતનગર શહેરમાંથી સ્થળાંતર કરી ગયા હતા અને કેટલાક શ્રમજીવી પરિવારોએ હિંમતનગર શહેરમાં જ જ્યાં જગ્યા મળી ત્યાં આશરો લીધો હતો ત્યારે આજે હિંમતનગર નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના છાપરીયા વિસ્તારની કેનાલ ફ્રન્ટ ઉપર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર તંત્ર દ્વારા બહાર હાંકી કાઢવામાં આવતા ૯૦ જેટલા શ્રમજીવી પરિવારો ઉપર આભ તૂટી પડ્યું હોય એવી દયનીય પરિસ્થિતિ ઊભી થવા પામી છે.

### મહિલાઓએ ભીલવાસમાં દારૂના અડ્ડા અને અસામાજિક તત્વોની હેરાનગતિને લઈ ત્યાં જવાનો ધરાર ઇનકાર કરી દીધો

બાળકો, મહિલાઓ સહિતના ૯૦ જેટલા પરિવારો અહીં કેનાલ પાસે ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરી રહ્યાં હતાં ત્યારે આજે સવારે પાલિકાની એક ટીમ કોઈપણ જાતની જાણ કર્યા વિના સીધી જ આવીને કેનાલ ઉપરની ઝૂંપડપટ્ટી હટાવી દીધી હતી અને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે છેક ભીલવાસમાં આશરો લેવા જણાવવામાં આવતા બાળકો સાથે ભેગી થયેલી આ ઝૂંપડપટ્ટીમાં રહેતી મહિલાઓએ ભીલવાસમાં દારૂના અડ્ડા અને અસામાજિક તત્વોની હેરાનગતિને લઈ ત્યાં જવાનો ધરાર ઈનકાર કરી દીધો હતો અને પાલિકાના આ નિર્ણય સામે ભારે રોષની લાગણી ભભૂકી ઉઠી હતી.



સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક ગણાતા હિંમતનગરના છાપરીયા કેનાલ પાસે ની ઝુંપડપટ્ટી વિસ્તારમાં નગરપાલિકા તંત્ર દ્વારા આજે કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના શ્રમજીવી પરિવારોને બહાર હાંકી કઢાતા ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે અને નગરપાલિકા તંત્ર દ્વારા ભીલવાસમાં વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનું જણાવાતા શ્રમજીવી પરિવારોએ ભીલવાસ વિસ્તારમાં જવા ઈનકાર કરી ૯૦ જેટલા પરિવારોએ છાજીયા લઈ પાલિકા સામે ભારે આક્રોશ સાથે હોબાળો મચાવી દીધો હતો.

### અમે ક્યાં .. ! જઈએ ..! બાળકો અને અમે રોડ ઉપર સુઈ જઈએ છીએ અમારા ઉપર ટેકટર ફેરવી દો ... !

કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના નગરપાલિકા તંત્ર દ્વારા કેનાલ ફ્રન્ટની ઝૂંપડપટ્ટી માં રહેતા શ્રમજીવીઓને બહાર હાંકી કાઢવામાં આવતા બાળકો અને મહિલાઓ સહિત ૯૦ જેટલા શ્રમજીવી પરિવારોમાં તંત્ર સામે ભારે આક્રોશ ભભૂકી ઉઠયો હતો અને નગરપાલિકાના સત્તાધીશોના નામો લઈને છાજીયા લઈને આક્રોશ વ્યક્ત કર્યો હતો ઝુપડપટ્ટી ખાલી કરાવતા સમી ઉઠેલી મહિલાઓએ જણાવ્યું હતું કે , અમે ક્યાં .. ! જઈએ ..! બાળકો અને અમે રોડ ઉપર સુઈ જઈએ છીએ અમારા ઉપર ટેકટર ફેરવી દો ... !

અમે અહીં ગંદકીમાં પડી રહ્યા છીએ અમને અહીં પણ રહેવા દેતા નથી ! ભીલવાસમાં દારૂના અડ્ડા અને અસામાજિક તત્વોની હેરાનગતિને લઈ ત્યાં જવાનો ધરાર ઈનકાર કરી દીધો હતો.

## કોઇપણ આગોતરી જાણ કર્યા વિના સવારે પાલિકાની ટીમ દ્વારા ઝુંપડપટ્ટી દૂર કરાવતા ભારે રોષની લાગણી પ્રવર્તી : બાળકો મહિલાઓ સહિત શાહિદ જેટલા શ્રમજીવી પરિવારો અહીં વસવાટ કરી રહ્યાં હતા

# પ્રોપર્ટી ટેક્ષમાંથી મુક્તિ : જિલ્લાના ૧૫૦૦ એકમોને કોરોનાના કારણે ૧ વર્ષ માટે ટેક્ષમાં રાહત

## હોટલ, રેસ્ટોરન્ટ અને વોટરપાર્કને લાભ મળશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

કોરોનાનું સંક્રમણ વધવાની દહેશતના કારણે તંત્ર દ્વારા હોટલ, રેસ્ટોરન્ટ અને વોટરપાર્ક ફરજીયાત બંધ રાખવા જાહેરનામું બહાર પાડી આદેશ કરવામાં આવ્યા હતા. જેના કારણે માલિકો પાયમાલ બની ગયા છે અને ૧ વર્ષ સુધી બંધ હોવા છતાં પ્રોપર્ટી ટેક્ષ વસુલવા સામે નારાજગીનો સૂર હતો ત્યારે સરકાર દ્વારા તા.૧ એપ્રિલ-૨૦૨૧ થી ૩૧ માર્ચ-૨૦૨૨ સુધીના ૧ વર્ષના સમય માટેના પ્રોપર્ટી ટેક્ષમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૫૦૦ એકમોને રાહત થઈ છે. સરકાર દ્વારા હોટલ, રેસ્ટોરન્ટ અને વોટરપાર્કને બચાવવા માટે વિજબીલ માફ કરવાં જોઈએ અને ખાસ સહાય પેકેજ જાહેર કરવાની પણ માંગ થઈ છે.

કોરોનાના બિહામણા સ્વરૂપથી ગુજરાતમાં ધંધા-રોજગાર ઠપ્પ થવાની સાથે માનવ ખુંમારી પણ થઈ છે. અનેક પરિવારો કોરોનાથી ચેપગ્રસ્થ થયા પછી સારવાર પાછળ લાખો રૂપિયા ખર્ચી પાયમાલ બન્યા છે. એક રીતે કોરોનાએ ગુજરાતના વિકાસની તેજ ગતિને બ્રેક લગાવી દીધી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં પાછલા ૧૪ મહિનામાં કોરોનાના કારણે સેંકડો નાના-મોટા ધંધા-રોજગારનાં શટર પડી ગયાં છે. સિનેમા ગૃહો અને મલ્ટીપ્લેક્ષ થિયેટર હજુ પણ ખૂલ્યાં નથી. તેમાં રોકાણ કરનારા દેવાદાર બની ગયા છે એવી જ હાલત હોટલ-રેસ્ટોરન્ટ અને વોટરપાર્ક માલિકોની છે. ધંધા-રોજગાર બંધ છે છતાં પ્રોપર્ટી ટેક્ષ, વિજ બીલ ચૂકવવાની નોબત આવી હતી જેથી રાજ્ય સરકાર દ્વારા કોર કમીટીમાં કેટલાક એકમોને ટેક્ષમાં રાહત આપવાનો નિર્ણય લેવાયો છે. જો કે આ રાહતથી જિલ્લાના એકપણ એકમના માલિકે ખુશાલી વ્યક્ત કરી હોય તેવું જોવા મળ્યું નથી.



### વિજ વપરાશનું બીલ આકારશે..

રાજ્યમાં હોટલ, રીસોર્ટ, રેસ્ટોરન્ટ અને વોટરપાર્કને ૧ વર્ષ માટે પ્રોપર્ટી ટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવી છે તે સાથે વિજ બીલમાં ફિક્સ ચાર્જ નહીં લેવાય. માત્ર વિજ વાપરવામાં આવેલ વિજ વપરાશનું જ બીલ આપવામાં આવશે. જેનાથી એકમોને ઘણી રાહત થશે.

### ડીસાના લાટી બજારમાં કોરોના વેકસીન મુકાવવા ભીડ ઉમટી

વિશ્વ વ્યાપી કોરોના મહામારીના પગલે અનેક લોકો મોતને ભેટ્યા છે જોકે વેકસીનના પગલે મૃત્યુ દર ઘટ્યો છે.તેથી લોકો વેકસીન મુકાવવા માટે દોડાદોડી કરી રહ્યા છે ત્યારે ડીસામાં પણ લાટી બજાર ખાતે આવેલા કોવિડ સેન્ટર ખાતે સોમવારે વેકસીન મુકાવવા માટે લોકો મોટી સંખ્યામાં ભીડ સ્વરૂપે ઉમટી પડ્યા હતા જેના પગલે સોસિયલ ડિસ્ટન્સ પણ જળવાયું ન હતું એક તરફ વેકસીનની માંગ પણ વધી છે અને લોકોમાં પણ જાગૃતિ આવતા લોકો પણ વેકસીન મુકાવવા માટે ભારે ધસારો કરી રહ્યા છે જેના પગલે લોકો ભીડ સ્વરૂપે એકઠા થઈ જતાં સોસીયલ ડિસ્ટન્સ ભૂલી જતા કોરોના સંક્રમણ વધવાની પણ દહેશત વર્તાઈ રહી છે.

# હાશ... કોરોના ગયો : જિલ્લાના બહુમાળી ભવન, મામલતદાર કચેરીઓ ફરી ધમધમી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બધું અનલૉક થતાં જિલ્લાના બહુમાળી ભવન, મામલતદાર કચેરી વગેરેએ ફરી ધમધમી છે. પ્રથમ દિવસે જે દ્રશ્યો જોવા મળ્યાં તે જોતાં નિયમોમાં છૂટછાટનો દુરૂપયોગ આફત નોંતરી શકે છે. લાંબા સમય પછી સરકારી બાબુઓ કામગીરીથી હાંફ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા તેમ છતાં કેટલાક સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

કોરોનાના સંક્રમણ ઉપર આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાતા આંકડા ઉપરથી અંકુશ હોવાનું ચિત્ર ઉભું થયું છે. પરંતુ વાસ્તવમાં આ ચિત્ર કેટલું સાચુ છે તે કહેવું મુશ્કેલ છે. તા.૭ જૂનથી શૈક્ષણિક સંકુલો કર્મચારીઓની સંપૂર્ણ હાજરી સાથે ખૂલ્યા. જ્યારે તમામ જનસેવા કેન્દ્રો અને બહુમાળી ભવનમાં અરજદારોની અવર જવર એકાએક વધી કારણ કે લાંબા સમયથી જનસેવા કેન્દ્રો બંધ હોવાના કારણે અનેક અરજદારોના જરૂરી કામ ટલ્લે ચઢ્યા હતા. ફરીથી કોરોનાની ત્રીજી લહેર હાવિ થઈ જાય તો અનેક અરજદારોને મુશ્કેલી પડે તેમ હતી જેથી જનસેવા કેન્દ્રો ખૂલ્યા એ સાથે જ પોતાના કામ આટોપવા જિલ્લાની ૧૪ તાલુકા કચેરીઓમાં પહોંચ્યા હતા. અનલૉકના કારણે બજારોમાં પણ ભીડ જોવા મળી. લાગે છે કે પ્રજા હવે એમ સમજી છે કે કોરોના હવે વિદાય થઈ ગયો છે. પરંતુ સામાન્ય ચૂક પણ કોરોનાના ચેપને વધુ ગતિ આપી શકે છે તે જાગ્રત લોકોએ ભૂલવું ન જોઈએ.

### નિયમોમાં છૂટછાટનો દુરૂપયોગ આફત નોંતરશે, લાંબા સમય પછી સરકારી બાબુઓ કામગીરીથી હાંફ્યા

# ચોમાસુ વાવેતર : સાબરકાંઠામાં ૧૦૦૦ હેકટરમાં ખરીફ વાવેતરના શ્રીગણેશ

## અરવલ્લીમાં સપ્તાહ પછી વાવેતરની ધારણા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રિ-મોન્સૂન એક્ટિવીટી દરમ્યાન અનેક વિસ્તારોમાં વરસાદની પધરામણી થઈ છે. સત્તાવાર ચોમાસુ બેસવાને હજુ વાર છે તેમ છતાં સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈની સુવિધા ધરાવતા વિસ્તારોમાં ખરીફ વાવેતરના શ્રીગણેશ થયા છે. સીઝનના આરંભે ૧૦૧૨ હેક્ટરમાં ખરીફ વાવેતરના શ્રીગણેશ થયા છે. જ્યારે અરવલ્લી જિલ્લાના ખેતરોમાં ખેડૂતોએ મોટાભાગે ઘાસચારાનું વાવેતર કર્યું હોવાના કારણે ખેતરો ખાલી થયે સપ્તાહ પછી ખરીફ વાવેતર શરૂ થવાની ધારણા છે.

જિલ્લામાં વિધિવત રીતે ચોમાસાનો શુભારંભ થયો નથી પરંતુ તાઉતે વાવાઝોડાની ઈફેક્ટ પછી જિલ્લાના અનેક વિસ્તારોમાં મોસમ બદલાઈ છે. તાજેતરમાં બંન્ને જિલ્લામાં વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદ વરસી ગયા પછી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી સક્રિય હોવાના કારણે બફારો બેકાબુ બન્યો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઉંચકાયું છે. બંન્ને જિલ્લામાં હાલ ખેતર ખેડવાનો ધમધમાટ થવો જોઈએ પરંતુ કમોસમી વરસાદના કારણે ખેતરો જૈસે થે સ્થિતિમાં રહ્યાં છે પરંતુ સાબરકાંઠા જિલ્લામાં કેટલાક ખેડૂતોએ હવે વાવણીના શ્રીગણેશ કરતાં વાવેતરનો ધમધમાટ સીમાડામાં સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં પણ કાળાં ડીબાંગ વાદળો ચઢી આવ્યા પછી તાજેતરમાં વરસાદ વરસ્યો હતો જેના કારણે ખેતરમાં મગફળી, તલ સહિતના પાકને નુક્સાન પહોંચવાની સાથે ખેતરોમાં ઘાસચારો ભીંજાઈ ગયો છે. અરવલ્લીના ખેડૂતોએ બદલાયેલા માહોલમાં ખરીફ વાવેતર માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે અને મોટાભાગના ખેતરોમાં ઘાસચારાનું વાવેતર યથાવત હોવાથી એક સપ્તાહ પછી ચોમાસુ વાવેતર શરૂ થવાની ધારણા વ્યક્ત થઈ છે.



# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મોતના માંચડા જેવાં ૫૦૦ થી વધુ મકાનોનું ચોમાસામાં જોખમ

## જર્જરીત મકાનો દૂર કરવામાં તંત્ર નિરસ, જૂજ મકાન માલિકોને નોટિસ આપી સંતોષ માન્યો

બાયડ તા.૦૮

ચોમાસાની ઘડીઓ ગણાતી હોવાથી ભારે વરસાદ અને વાવાઝોડા સમયે કોઈ જાનહાની ન થાય તે માટે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ડિઝાસ્ટર વિભાગ દ્વારા કાગળ ઉપર તૈયારીઓ શરૂ થઈ છે પરંતુ જમીની સ્તર ઉપર હજુ કોઈ સડવડાટ જણાતો નથી. બંન્ને જિલ્લામાં મોતના માંચડા જેવાં ૫૦૦ થી વધુ જર્જરીત મકાનો ચોમાસામાં જોખમ ઉભું કરી શકે છે છતાં તંત્ર દ્વારા ગણ્યા ગાંઠ્યા મકાન માલિકોને નોટિસ આપી સંતોષ માની લેવામાં આવ્યો છે. દર વર્ષે ચોમાસામાં મકાનો ધરાશાયી થવાથી જીવનું જોખમ ઉભું થતું હોવા છતાં તંત્રએ ભયજનક મકાનોને ગંભીરતાથી લીધા ન હોય તેવી સ્થિતિ છે.

જિલ્લામાં ચોમાસુ નજીક આવે એટલે સરકારના તમામ વિભાગો એલર્ટ મોડમાં આવી જતા હોય છે. ભારે વરસાદ અને વાવાઝોડાની સ્થિતિમાં ત્વરીત ઝડપે મદદ મળી રહે અને કોઈ જાનહાની ન થાય તે માટે ખાસ એક્શન પ્લાન તૈયાર થતો હોય છે જેમાં જોખમી વૃક્ષો અને મકાનોને દૂર કરવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવતો હોય છે પરંતુ બેઠક પછી બધુ કાગળ ઉપર ચાલતું હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં વર્ષો જૂનાં ૫૦૦ થી વધુ મકાનો પડુ પડુની સ્થિતિમાં છે છતાં ગ્રામ પંચાયતો કે જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા જોખમ દૂર કરવા બાબતે કોઈ કાર્યવાહી થઈ નથી. જિલ્લા કક્ષાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી પણ કહેવા ખાતર બની છે. જ્યારે તાલુકાના તંત્ર દ્વારા તો માત્ર ભયજનક મકાનના જોખમને ધ્યાનમાં રાખી માત્ર ૪-૫ નોટિસો ઈસ્યુ કરી કામગીરી આટોપી લેવાઈ છે જેથી આગામી ચોમાસા દરમ્યાન ભયજનક મકાનો હોનારત સર્જે તેવી દહેશત વ્યક્ત થઈ છે.



**ઇડર તાલુકાની વસાઇ ગામની સીમના ખેતરમાંથી ૬ ફૂટ લાંબો અજગર પકડાયો**

ઈડર તાલુકાના વસાઈ ગામની સીમમાં આવેલ શામળભાઈ હાથીભાઈ પટેલના ખેતરમાં અજગર દેખાતા ઈડર વનવિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગના આર.એફ.ઓ. ગોપાલભાઈ પટેલ વનરક્ષક અનીલ દેસાઈ વનરક્ષક શૈલેષ દેસાઈ ઘટના સ્થળે પહોચી ૬ ફુલ લાંબા અજગરને પકડી પાડવામાં આવેલ હતો.

# ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે અસમંજસ : ઓણસાલ ચોમાસુ સારૂ રહેવાના સંકેત નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સારા-નબળા ચોમાસાની અવઢવ વચ્ચે ખેડૂતો માટે ચોમાસુ સારૂ નહીં રહેવાના સંકેત છે. ચોમાસુ ૧૨ આની એટલે કે નબળું રહી શકે છે. નવેમ્બર મહિનામાં માવઠાની આગાહી છે. વર્ષા વિજ્ઞાનની બેઠકમાં આગાહીકારોના તારણ પછી એક રીતે ખેડૂતો માટે અસમંજસ છે. જો કે ભૂતકાળમાં મોટાભાગની આગાહીઓ નબળા ચોમાસા માટે ખોટી ઠરી હતી.

પાછલા વર્ષોમાં હવામાન ખાતાની આગાહી મોટાભાગે ખોટી ઠરતી હતી પરંતુ હવે લાગે છે કે હવામાન વિભાગને મોર્ડનાઈઝેશન કરાતાં મોટાભાગની આગાહીઓ સાચી ઠરી છે. ગુજરાતની સમૃદ્ધિ માટે સારૂ ચોમાસુ હોવું જરૂરી છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના અંદાજીત ૯ લાખ ખેડૂતો આકાશી ખેતી ઉપર નિર્ભર છે. મે. મહિનામાં ત્રાટકેલા તાઉતે વાવાઝોડા પછી ચોમાસુ અસ્પષ્ટ રહે તેવી આશંકા હતી. ખેડૂતોમાં ચિંતા હતી ત્યારે તાજેતરમાં જ જુનાગઢ કૃષિ યુનિ. અને વર્ષા વિજ્ઞાન મંડળના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની જેમ વરસાદ અંગે આગાહી માટે સેમીનાર યોજાઈ ગયો. કોરોનાના કારણે વર્ચ્યુઅલ બેઠક હતી ૪૦ જેટલા આગાહીકારોએ પશુ-પક્ષીઓની હરકત, હોળીની ઝાળ, અખાત્રીજનો પવન, ગ્રહનક્ષત્રના આધારે અને ભડલી વાક્ય મુજબ ચોમાસુ ૧૨ આની રહેવાનું તારણ કાઢ્યું છે. ઑગષ્ટ મહિનામાં વાયરૂ તેમજ નવેમ્બર મહિનામાં માવઠાની આગાહી કરી છે. પાછોતરો વરસાદ ન હોવાનું તારણ પણ કાઢ્યું છે. દર વર્ષે આગામી ચોમાસુ કેવું રહેશે તેની આગાહીકારો પાસેથી મળેલ વિગતોના આધારે અવલોકન કરીને ખેડૂતોને સતર્ક કરવામાં આવતા હોય છે પરંતુ આખરે તો વરસાદ અને વર્ષ એ ઈશ્વરની ભેટ છે અને તેને કોઈ આજદિન સુધી ઓળખી શક્યું નથી.

# પ્રાંતિજના વિજકર્મીનુ ઝાડ ઉપરથી પડી જતા મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વાધપુર રોડ ઉપર આવેલ રામનગર ખાતે વિજકર્મચારી વિજવાયરો સાથે અડતુ ડાળુ તોડવા ઝાડ ઉપર ચડતા વિજકર્મચારી નીચે પટકાતા મોત.



પ્રાંતિજ વિજકંપનીમા નોકરી કરતો વિજકર્મચારી પટેલ અલ્પેશકુમાર નરસિંહભાઈ ઉ.વર્ષ-૩૫ રહે.નવા બાકરપુર પ્રાંતિજ કે જેવો પ્રાંતિજના વાધપુર રોડ ઉપર રામદેવ નગર ખાતે વિજ લાઈનનુ કામ ચાલુ હતુ ત્યારે રોડ ઉપર આવેલ ઝાડનુ ડાળુ વિજ વાયરો અડતુ હોય વિજકર્મચારી ઝાડ ઉપર ડાળુ તોડવા જતા ડાળુ હાથમા આવી જતા ડાળુ ટુટીજતા ઝાડ ઉપર ચડેલ વિજકર્મચારી અલ્પેશ કુમાર નરસિંહભાઈ પટેલ નીચે પટકાતા નીચે રોડ આરસીસી હોય માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પોહચતા ઘટના સ્થળે મોત નિપજયુ હતુ તો મૃતક અલ્પેશકુમાર નરસિંહભાઈ પટેલને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામા આવ્યો તો યુવકના મોતને લઈને પરિવાર સંગાસંબધીઓ સહિત વિજ કર્મચારીઓતથા ગામમા શોકનુ મોજુ ફરી વળ્યુ હતુ.